


## ૨. હીપેટાઈટીસ બી (ઝેરી કમળો)

એકંદરે લીવર (યકૃત) માં સોજો આવે તેને હિપેટાઈટીસ બી થયો કહેવાય છે. આ વાયરસથી લીવરને ચેપ લાગે છે અને જીવનને જોખમમાં મુકે તેવો હિપેટાઈટીસ બી રોગ થાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (જ.ક.ર્.) ના અંદાજ મુજબ એચ.આઈ.વી.ની તુલનામાં હીપેટાઈટીસ બી ૫૦ થી ૧૦૦ ગણો વધારે ચેપી છે. વિશ્વની વસ્તીની આશરે ૮ ટકા વસ્તી હીપેટાઈટીસ બી નો ચેપ ધરાવે છે. દર વર્ષે ૬ લાખ લોકો લીવરના કેન્સર અને લીવરને લગતા ગંભીર રોગોથી મૃત્યુ પામે છે. ભારતમાં આશરે ૪ કરોડ લોકો આ રોગનો ચેપ ધરાવે છે અને આશરે ૧ લાખ આજ કારણે મૃત્યુને ભેટે છે.

## રોગનો ફેલાવો

આ રોગની ચેપી વ્યક્તિના શરીરના લોહી ઉપરાંત અન્ય પ્રવાહીઓ બીજા વ્યક્તિમાં જવાથી થાય છે. એચ.આઈ.વી.ની જેમ જ આ રોગ પણ ચેપ ફેલાવે છે. તેથીય વધુ તે એચ.આઈ.વી. તુલનામાં ૫૦ થી ૧૦૦ ગણો વધારે ચેપી છે કારણ કે હીપેટાઈટીસ-બી વાયરસ શરીરની બહાર પણ સાત દિવસ સુધી જીવીત હોય છે. સાવચેતી વગર વાપરેલી સોંય, બાળકને પ્રારંભના દિવસોમાં થતા ચેપ, સાવચેતી વગર લીધેલું અસુરક્ષિત રક્ત, અસલામત જાતીય જીવન આ બધા કારણો ઝેરી કમળો ફેલાવે છે. અને તે લીવર કેન્સર કે લીવરને લગતા ગંભીર રોગોમાં પરિણમે છે. ચામડી પીળી પડવી, પેટમાં દુઃખાવો રહેવો , ઉલ્ટી – ઉબકા આવવા તે આ રોગના મુખ્ય ચિહ્નો છે.



## સારવાર અને રોગને મટાડવો

આ રોગની કોઈ ચોક્કસ દવા નથી અને લીવરનું કેન્સર તો લગભગ ઘાતક જ છે. જો કે રસીથી રોગને અટકાવી શકાય છે. હીપેટાઈટીસ બીની રસી ચેપની સામે અસરકારક રક્ષણ આપી શકે છે. બાળકના જન્મ પછી સમયસર રસીનો પહેલો ડોઝ બાળકને આપવો જોઈએ. જે કોઈને ઝેરી કમળાનું જોખમ જણાતું હોય તેણે ૩ ડોઝ વાળી રસી લેવી જ જોઈએ જે જીવનભર સાચવે છે.

આ ચેપથી સ્વૈચ્છિક રક્તદાતાઓને સલામતી આપવા પ્રથમા બ્લડ સેન્ટર દ્વારા રસીકરણ કાર્યક્રમ શરૂ કરેલ છે. જે વ્યક્તિએ પ્રથમમાં પાંચ વાર રક્તદાન કર્યું છે તેમને આ રસી નિઃશુલ્ક અપાય છે. અન્ય વ્યક્તિઓ માટે ડોઝ દીઠ ૫૦ રૂપિયા છે.ડોઝનો ક્રમ નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. પહેલો ડોઝ આજે ,
૨. બીજો ડોઝ એક મહીના પછી,
૩. ત્રીજો ડોઝ પહેલો ડોઝ લીધાના ૬ મહિના પછી,
૪. બુસ્ટર ડોઝ પહેલો ડોઝ લીધાના ૫ વર્ષ પછી.